# ઓનલાઇન અરજીપત્રક ભરવા માટેની અગત્યની સૂચના તથા માર્ગદર્શિકા

(૧) ઓનલાઇન અરજીપત્રક ભરવા માટે ધોરણ - ૧૨ (H.S.C.) વિજ્ઞાન પ્રવાહની મૂળ માર્કશીટ કોલેજના કાર્યાલયમાં તા. ૨૩-૦૫-૨૦૧૬ થી ૩૧-૦૫-૨૦૧૬ સુધીમાં ૧૧.૩૦ થી ૩.૦૦ સમય દરમ્યાન રજુ કરી બુકલેટ (પ્રવેશ પુસ્તિકા) મેળવી ઓન લાઇન રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. તા. ૩૧-૦૫-૨૦૧૬ બાદ રજીસ્ટ્રેશન થઇ શકશે નહીં.

(૨) બુકલેટની સાથે કવરમાં વિદ્યાર્થીને (I) રજીસ્ટ્રેશન નંબર (II) યુઝર નેઇમ (III) પાસવર્ડ આપવામાં આવશે.

(3) વિદ્યાર્થીએ પ્રવેશ ફોર્મ ભરવા માટે કોલેજની વેબસાઇટ www.bpbaria.org પર Student Area માં Download પર ક્લિક કરી How to fill online Instructions ની PDF File Download કરવી અને તેનો અભ્યાસ કરવો.

(૪) કોલેજની વેબસાઇટ www.bpbaria.org પર Student Area માં Admission અથવા વેબના પ્રથમ પેઇજ ઉપર Admission open for 2016-17 માં Admission સાથે આપેલ લિન્ક પર ક્લિક કરવું.

(૫) આમ કરવાથી New window ખૂલશે જેમાં જમણી બાજુના ઉપરના કોર્નર પર New Registration બટન પર ક્લિક કરવું.

(૬) ખુલતા નવા વેબ પેઇજના Application 2016-2017 બટન પર ક્લિક કરવું જેથી Personal details of student નામની New window ખુલશે. જેમાં પ્રથમ ત્રણ કોલમમાં રજીસ્ટ્રેશનની વિગત હશે. અહીં સુધારો કરી શકાશે નહિ. બાકીની બધી જ કોલમમાં તમારી આનુસાંગિક માહિતી ભરી નીચે આપેલ Save and Submit Page-1 પર ક્લિક કરવું.

(૭) આમ કરવાથી Educational details નામની New window ખુલશે. જેમાં વિદ્યાર્થીએ હાલની પરીક્ષાની વિગતો અને આનુસાંગિક માહિતી ભરવી, Subjectની છેલ્લી કોલમમાં વિષયવાર માર્ક લખવા. વધુ વિષય ઉમેરવા માટે Add New બટન પર ક્લિક કરી નવી Raw ઉમેરી વિષય ઉમેરી શકાશે. ત્યારબાદ Save and Submit Page-2 પર ક્લિક કરવું.

નોંધ : ટકાવાળા ખાનામાં કોઇ માહિતી ભરવી નહીં - ઓટોમેટિક ભરાશે.

(૮) આમ કરવાથી Selection of Subject group ની New window ખુલશે. જેમાં કુલ બે કોલમ છે. આ બે કોલમની પ્રથમ કોલમમાં કુલ ૫ વિષય છે. જેમાંથી કોઇ પણ એક વિષય પસંદ કરવો.

(૯) ત્યારબાદ બીજી કોલમમાં પણ કુલ 3 વિષય છે. જેમાંથી કોઇ પણ એક વિષય ગૃપ પસંદ કરવું. ઉપરોક્ત પ્રક્રિયા ફરી કરવાથી એક કરતાં વધુ વિષય ગૃપ પસંદ કરી શકાશે. પ્રથમ પસંદ કરેલ વિષય ગૃપ નો પસંદગીનો ક્રમ પ્રથમ ગણાશે. ત્યારબાદ Save and Submit Page-3 પર ક્લિક કરો.

(૧૦) આમ કરવાથી Submit Documentની New window ખુલશે. જેમાં ડાબી બાજુની કોલમમાં આપેલ માહિતી પ્રમાણે કોમ્પ્યુટર કે મોબાઇલમાંથી Scan કરેલ JPEG ફાઇલ અપલોડ કરી Final Submit બટન પર ક્લિક કરવાથી ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ થશે. નોંધ : દરેક ફાઇલની સાઇઝ 100kb થી 400kb રાખવી. પાસપોર્ટ સાઇઝનો વિદ્યાર્થીનો ફોટા માટે ફક્ત 100kb ની સાઇઝ રાખવી

(૧૧) ત્યારબાદ કોમ્પ્યુટર Screen પર Thank You for Registration નો મેસેજ ડિસપ્લે થશે. જેમાં પ્રિન્ટના બટન પર ક્લિક કરી રજીસ્ટ્રેશન Acknowledgment સ્લીપની પ્રિન્ટ કાઢવી. આ સાથે તમારા મોબાઇલ પર રજીસ્ટ્રેશન થયાનો SMS આવશે.

(૧૨) તા. ૦૧-૦૬-૨૦૧૬ થી તા. ૦૩-૦૬-૨૦૧૬ સુધીમાં આપના મોબાઇલ પર આપનું ફોર્મ વેરીફાઇ થયું એવો SMS આવશે. ત્યારબાદ લોગ ઇન થઇ તમારા ફોર્મની વેરીફાઇડ પ્રિન્ટ કાઢવાની રહેશે. જે તમારા માટે અગત્યનું છે.

(૧૩) જે વિદ્યાર્થીને વેરીફાઇડ કે નોટ વેરીફાઇડનો મેસેજ ન મળે તો તે વિદ્યાર્થીએ તા. ૪-૬-૨૦૧૬નાં દિને કોલેજ કાર્યાલયનો સંપર્ક કરી ફોર્મ વેરીફાઇડ કરાવવું.

## :: ઓનલાઇન ફોર્મ ભરવા માટેના અગત્યના ડોક્યુમેન્ટની સોફ્ટ કોપી ::

દરેક ડોક્યુમેન્ટની સાઇઝ 100kb થી 400kb રાખવી.

(૧) ધોરણ - ૧૨ની માર્કશીટની કોપી

(૨) સ્કૂલ લિવિંગ સર્ટિફિકેટ

(3) ધોરણ - ૧૨ પાસનું એટેમ્ટ સર્ટિફિકેટ (સ્કૂલમાંથી મળેલ)

(૪) SC/ST/SEBC/EBC/OBC માટે સક્ષમ અધિકારી તરફથી મળેલ સર્ટિફિકેટ

(૫) નોન-ક્રિમીલેયરનું સક્ષમ અધિકારી તરફથી મળેલ સર્ટિફિકેટ

(૬) આવકનો દાખલો સક્ષમ અધિકારી તરફથી મળેલ

(૭) આધાર કાર્ડ

(૮) અન્ય બોર્ડ (GHSEB Gandhinagar સિવાય)ના વિદ્યાર્થી માટે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત તરફથી મળેલ P.E.C. (પ્રોવિઝનલ એલીજીબીલીટી) સર્ટિફિકેટ

(૯) પાસપોર્ટ સાઇઝનો વિદ્યાર્થીનો ફોટો (ફક્ત 100kb ની સાઇઝ)

(૧૦) વિદ્યાર્થીની સહી અને વિદ્યાર્થીના વાલીની સહી